PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૧/ક્વા–૦૧/૧૬–૧૭/ 9095 તા. 30/09/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ગોરધનભાઈ હરજીભાઈ પરમાર,
શેરી નં.–૩, સાટોડિયા સોસાયટી,
જય મામાદેવ, આઈ.ટી.આઈ. પાસે,,
તા. ગોંડલ,
જી: રાજકોટ
મો: ૯૮૭૯૧ ૨૫૪૯૭

**વિષય :–ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૬–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૧/ક્વા–૦૧/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ
(સહી)
( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૮૧/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૭–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: ગોરધનભાઈ હરજીભાઈ પરમાર,ગામ: ગોંડલ

રજુઆત કરનાર : અરજદાર શ્રી ગોરધનભાઈ હરજીભાઈ પરમાર હાજર રહેલ હતા.

## વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :સી.કે.પટેલ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ: મોવિયા ખાતે ના સર્વે નંબર : ૬૧૧ પૈકી ૧ મા, અગાઉ શ્રી રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા ના નામની, સામાન્ય પ્રતિક્ષાયાદી નં.: ૬૧૮ તા.૧૭–૦૬–૨૦૦૮ થી નોંધાયેલ, અરજી અન્વયે નુ નવુ જોડાણ મંજુર થયેલ છે. તેઓ શ્રી એ, સદર જમીન જે રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા પાસેથી ખરીદેલ છે. અને તેઓએ, સદર અરજી મંજુરી ની પ્રક્રીયા આવે તે પહેલા, નામ બદલી ની વિધીસર ની અરજી, જે ગોંડલ કચેરી મા નોંધાવેલ હતી. આ અરજી મા તેઓએ તેમના ગોંડલ ખાતે ના રહેઠાણ નુ સરનામુ આપેલ હતુ. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, હાલ સદર તા.૧૭–૦૬–૨૦૦૮ ની મંજુર કરાયેલ અરજી નુ ભાવપત્રક, જે પીજીવીસીએલ તરફથી, – તેમના ગોંડલ ખાતે ના રહેઠાણ ના સરનામે મોકલવાને બદલે, મુળ ગ્રાહક શ્રી રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા ના, મુળ અરજી વાળા ગામ: મોવિયા ગામ ના સરનામે મોકલવામા આવેલ હતુ. પીજીવીસીએલ ની સબંધક કચેરી ના આવા ભુલ ભરેલા કારણોસર, તેઓને નિયત સમયગાળા મા ભાવપત્રક મળેલ ન હોય, તેઓનુ સદર નવા જોડાણ નુ ભાવપત્રક અને મુળ અરજી રદબાતલ થયેલ છે. જે, નિયમાધીન યોગ્ય ન જણાતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | શ્રી રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા એ, અગાઉ તેઓના ગામ: મોવિયા ખાતે ના સર્વે નંબર : ૬૧૧ પૈકી ૧ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૧૭–૦૬–૨૦૦૮ ના રોજ પીજીવીસીએલ ની સબંધક ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ મા, સામાન્ય પ્રતિક્ષાયાદી નં.: ૬૧૮ હેઠળ નોંધાવેલ હતી. રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા ની સદર તા.૧૭–૦૬–૨૦૦૮ ના રોજ ની નોંધાયેલ અરજી નો ક્રમ આવ્યે, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત મુળ માંગણીદાર શ્રી રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા પાસેથી, માંગણી મુજબ ની જગ્યા ની અદ્યતન સ્થિતી દર્શાવતા, ૭/૧૨, ૮–અ, હકક પત્રક નં.–૬, પાણીપત્રક નં.–૧૬ વગેરે, પત્ર નં.: ૫૨૫૬, તા. ૨૭–૦૨–૧૫ થી માંગવામા આવેલ હતા. |
| ૨.૨ | જેના અનુસંધાને, શ્રી રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા એ, સદર માંગણી મુજબ ના સર્વે નંબર વાળી જમીન, જે ગોરધનભાઈ હરજીભાઈ પરમારને વેચાણ આપેલ હોવાની સ્પષ્ટતાઓ રજુ કરી અને તે અન્વયે, તેઓ શ્રી ની મુળ તા.૧૭–૦૬–૨૦૦૮ ના રોજ ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજી ને, શ્રી રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા ના નામ પરથી, શ્રી ગોરધનભાઈ હરજીભાઈ પરમારના નામ પર, નામ બદલી ની વિધીસર ની અરજી, જે નિયત અરજીફોર્મ સાથે ના તમામ દસ્તાવેજીક પેપર્સ જોડીને, તા.૧૫–૦૪–૧૫ ના રોજ, નિયત નોંધણીચાર્જ ભરપાઈ કરીને, નામ બદલી ની અરજી નોંધાવેલ હતી. પીજીવીસીએલ ની સક્ષમ કચેરી તરફથી, સદર કેઈસમા, મુળ અરજદાર શ્રી રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા ના નામ પરથી, શ્રી ગોરધનભાઈ હરજીભાઈ પરમારના નામ પર, નામ બદલી ની મંજુરી જે તા.૦૪–૦૫–૧૫ ના રોજ આપવામા આવેલ હતી. આમ, તા.૦૪–૦૫–૧૫ ની સ્થિતીએ, અરજદાર શ્રી ની મુળ તા.૧૭–૦૬–૨૦૦૮ ની નોંધાયેલ અને મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે ગોરધનભાઈ હરજીભાઈ પરમારના નામે નામ બદલી અન્વયે તબ્દીલ થયેલ હોય, પીજીવીસીએલ ની સબંધક ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ ગોંડલ તરફથી, અરજદાર શ્રી ના મંજુર કરાયેલ એવા નવા ૦૫ હોપાના સામાન્ય યોજના હેઠળ ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી |

| | |
|---|---|
| ચાલુ આગળ ઉપરથી | અન્વયે નુ રૂ.૭,૪૩૫/– નુ ભાવપત્રક નં. : ૧૦૩૧૦, જે સદર નામ બદલી ની મંજુરી અન્વયે ના નિયત ફોર્મ મા દર્શાવેલ, ગોંડલ શહેર ખાતે ના – કૃષ્ણનગર શેરી નં.–૩, કપુરીયાપરા, ગોંડલ ના સરનામા પર રવાના કરવાને બદલે, શરતચુક થી, '' સમગ્ર સરનામા ની બધી વિગતો યોગ્ય હોય, પરંતુ સ્થળ નુ નામ ગામઃ ગોંડલ ને બદલે ગામઃ મોવિયા'' ખાતે, તા.૨૫–૦૮–૧૫ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ થી રવાના કરાયેલ હતુ. આ ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૨૪–૦૯–૧૫ હતી. આમ, ખરેખર ખોટા સરનામા પર રવાના થયેલ સદર ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ – જે આ નામની વ્યકિત મોવિયા મુકામે ન હોવાના – રીમાર્ક સાથે, કચેરી મા પરત આવેલ હતી. આમ, સદર કેઈસ મા, સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષા ની, શરતચુક યુકત ભુલ ના કારણોસર, '' મીસ ડીલીવર્ડ ઓફ એફ કયુ'' નો હોવાની બાબત સાબીત થયેલ છે. જેથી, સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા વધારો મેળવી લેવાની અરજદાર શ્રી ને જાણકારી આપી, સમયમર્યાદા ની મુદત વધારવાની અરજી અરજદાર પાસેથી તા.૧૨–૦૭–૧૬ ના રોજ મેળવી અને ઉપલી કચેરી સમક્ષ, સમયમર્યાદા વધારવાની મંજુરી માટે રજુ કરાયેલ છે. અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ, સ્પષ્ટતા સાથે રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, સદર કેઈસ, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, અગાઉ તા.૦૪–૦૫–૧૫ થી નામ બદલી ની મંજુરી હેઠળ નો થયેલ છે. જેથી, સામાન્ય યોજના હેઠળ ના નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ ભાવપત્રક, જે સુવ્યવસ્થિત રીતે, એ–૧ અરજી ફોર્મ મા લખેલ એવા, ગામઃ ગોંડલ ના સરનામા ખાતેના નવા આગંતુક ગ્રાહક ગોરધનભાઈ હરજીભાઈ પરમાર ના સરનામા પર રવાના કરવાની બાબત નિયમાધીન હોવા છતા, સબંધક પેટા વિભાગીય કચેરી ની શરતચુક યુકત ભુલ ને કારણે, સદર ભાવપત્રક, જે '' ગામઃ ગોંડલ ને બદલે, ગામઃ મોવિયા'' ખાતે, સબંધક પેટા વિભાગીય કચેરી ની શરતચુક યુકત ભુલ ના કારણોસર, સદર કેઈસ '' મીસ ડીલીવર્ડ ઓફ એફ કયુ'' નો હોવાની બાબત મુજબ નો સાબીત થયેલ છે. |
| **૩.૨** | સદર કેઈસ, પીજીવીસીએલ કક્ષાની શરતચુક યુકત ભુલ ના કારણોસર નો છે, અરજદાર પક્ષકાર ની ભુલ હોવાના કારણોસર નો નથી. જેથી, પીજીવીસીએલ પક્ષકારે, ભુલ સુધારણા ના ભાગરૂપ, પીજીવીસીએલ કક્ષાએથી જ, ફરીયાદી અરજદાર પક્ષકાર ને, તેમના નામ બદલી મંજુરી અન્વયે ના, મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ નુ ભાવપત્રક, જે માત્ર નવેસર થી જ ભાવપત્રક અરજદાર શ્રી ને આપવાની બાબત, જે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવા છતા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સદર કેઈસ મા, ભુલ સુધારણા ના ભાગરૂપ, તેમની કક્ષાએથી, નવેસર થી ભાવપત્રક આપવાની કોઈ કાર્યવાહી ન કરીને, અરજદાર પક્ષકાર ની સદર બાબતે કોઈ ભુલ ન હોવા છતા, અરજદાર પક્ષકાર પાસેથી, સવાલવાળા ભાવપત્રક ની સમયમર્યાદા ની મુદત વધારવાની અરજી મેળવી અને ભાવપત્રક ની મુદત વધારવાની જે કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર તરફથી હાથ ધરાયેલ છે. ભુલ ભરેલ ભાવપત્રક ની સમયમર્યાદા વધારી આપવાની બાબતે ની, પીજીવીસીએલ પક્ષકાર ની કાર્યવાહી, ફોરમ કમિટી ને યોગ્ય અને વ્યાજબી જણાયેલ નથી. જેથી, સદર કેઈસ મા, ભાવપત્રક ની સમયમર્યાદા મા વધારો આપવાની પીજીવીસીએલ ની કાર્યવાહી, ફોરમ કમિટી અયોગ્ય ઠરાવે છે. |
| **૩.૩** | સદર નામ બદલી ના મંજુર કેઈસ મા, નવા આગંતુક ગ્રાહક ગોરધનભાઈ હરજીભાઈ પરમાર ને, રાકેશભાઈ પરબતભાઈ કાલરીયા ના નામની તા.૧૭–૦૬–૦૮ ના રોજ નોંધાયેલ અરજી અન્વયે ની નામ બદલી ની મંજુરી મળેલ હોય, જેથી, નવા આગંતુક ગ્રાહક ગોરધનભાઈ હરજીભાઈ પરમાર ને, સદર તા.૧૭–૦૬–૦૮ ની, મંજુર એવી નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે નુ ભાવપત્રક, જે નવેસર થી, અરજદાર શ્રી ના કાયમી રહેઠાણ અને પત્ર વ્યહવાર ના સરનામા પર, દિન–૧૦ મા, અરજદાર શ્રી ની, તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, રજીસ્ટર્ડ ટપાલ થી રવાના કરવાનો, અથવા તો અરજદાર શ્રી નો મોબાઈલ પર સંપર્ક કરી, કચેરી મા રૂબરૂ બોલાવી, અને સદર ભાવપત્રક તેમની રૂબરૂ સહી મેળવી, અને અરજદાર ને આપી, અને તે મુજબ નો અહેવાલ ફોરમ સમક્ષ દિન–૧૦ મા રજુ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**...નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૬.૧ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે,અરજદાર શ્રી ગોરધનભાઈ હરજીભાઈ પરમાર ને, તેમના નામ બદલી ની મંજુરી અન્વયે ના, મંજુર કરાયેલ, સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ નુ ભાવપત્રક, જે નવેસર થી જ, અરજદાર શ્રી ના કાયમી રહેઠાણ અને પત્ર વ્યહવાર ના સરનામા પર, દિન-૧૦ મા, અરજદાર શ્રી ની, તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, રજીસ્ટર્ડ ટપાલ થી રવાના કરવાનો, અથવા તો અરજદાર શ્રી નો મોબાઈલ પર સંપર્ક કરી, કચેરી મા રૂબરૂ બોલાવી, અને સદર ભાવપત્રક તેમની રૂબરૂ સહી મેળવી, અને અરજદાર ને આપી, અને તે મુજબ નો અહેવાલ, ફોરમ સમક્ષ દિન-૧૦ મા રજુ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

( શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..